# 20

**સિંહ દીપડા દ્વારા માનવ ઘર્ષણ તથા પશુ મારણ અટકાવવા સરકાર દ્વારા લીધેલ પગલા**

* 15/4/2147 શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી (રાજુલા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ અને દિપડા દ્વારા માનવ ઘર્ષણ તથા પશુ મારણ અટકાવવા સરકાર દ્વારા કોઇ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો શું પગલાં લેવામાં આવેલ છે? | (૨) | • વન્યપ્રાણી અને માનવ ઘર્ષણના બનાવો અટકાવવા માટે તમામ ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત પેટ્રોલીંગ / મોનીટરીંગ / અવલોકનની કામગીરી કરવામાં આવે છે.<br>• જંગલના બોર્ડરના ગામડાઓમાં વન્યપ્રાણી મિત્રની ભરતી કરવામા આવેલ છે. ટ્રેકર્સોની ભરતી કરવામાં આવેલ છે .<br>• વન્યપ્રાણી વસવાટ વાળા ગામોમાં ગ્રામસભાઓ કરી ગામલોકોને વન્યપ્રાણી સિંહ/દિપડા ધ્યાને આવે તો તે અંગેની તાત્કાલીક વન વિભાગને જાણ કરવા અને વન્યપ્રાણીઓથી દુર રહેવા જણાવવામાં આવે છે .<br>• વન્યપ્રાણીઓથી સજાગ રહે તે માટે વન વિભાગ દ્વારા પેમ્પ્લેટ છપાવી દરેક ગામોમાં તેનુ વિતરણ કરવામાં આવે છે અને લોક જાગૃતિના કામો કરવામાં આવે છે .લાગુ રેન્જ કચેરીઓના નંબર ગ્રામજનોને આપી વન્યપ્રાણી-માનવ ઘર્ષણ બાબતે તાત્કાલીક કાર્યવાહી માટે સંકલન સાધવામાં આવે છે .<br>• પરપ્રાંતિય મજુરોને રહેણાંકની આસપાસ માંસાહારી ખાદ્ય પદાર્થો રાખી ના મુકે અને ખુલ્લામાં ના સુવે તેવી સૂચના આપવામાં આવે છે.<br>• વન્યપ્રાણીઓ અને માનવઘર્ષણ ઓછુ થાય તે માટે ખેડુતોના ખેતરોમાં તેમના પાકના રક્ષણ કરવા માટે મંચાણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.<br>• ખાસ કરીને બાળકો અને વૃધ્ધને એકલા ના મુકે અને પોતાની સાથે લાકડી અને ટોર્ચ રાખે તે સમજણ આપવામાં આવે છે.<br>• સિંહ અને દિપડાને રેડીયો કોલર લગાવી તેની હિલચાલનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>• માનવ ઘર્ષણ સાથે સંકળાયેલ વન્યપ્રાણીઓને પકડી તેને અવલોકન અર્થે રાખી જો માનવ મૃત્યુ સાથે સંકળાયેલ જણાય તો તેને મુક્ત કરવામાં આવતા નથી.<br>• પાલતુ પશુઓના વન્યપ્રાણી દ્વારા માલઢોરના મારણ કરવામાં આવતા હોય તેની આર્થિક સહાય માટે સરકારશ્રી દ્વારા વળતર ચુકવવાની યોજના અમલમાં મુકેલ છે અને પ્રર્વતમાન નિયમોનુસાર ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ ઠરાવક્રમાંક-: વપસ/૧૦૨૦૧૫/સી.ફા-.૬૨/ડબલ્યુ તા.૦૫.૦૧.૨૦૨૨ થી વળતર ચૂકવવાની જોગવાઇ અમલમાં છે .લોકજાગૃતિના કામો કરવામાં આવે છે. |

-------------------------------